શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ-આયુકર્મ-વૈદ્યકર્મ-મર્મ(વૈદ્ય) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદીપ પટેલ (આયુર્વેદ વૈદ્યરાજ)
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૮૨૪, અમરાગામ સ્ટ્રીટ, આમલીરાન સ્ટ્રીટ રોડ, [illegible] Mo. [illegible]
બારડોલી અસ્તાન જુના કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ ત્રીજ બુધવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૩
પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

ચીનમાં AI બબલ ફાટતા $2.4 ટ્રિલિયનનું ભયાનક ધોવાણ

ઇઝરાયેલની ચૂંટણીમાં અત્યાર સુધીનું સૌથી ઉંચુ મતદાન

નેતાન્યાહુના પક્ષને વિપક્ષ તરફથી સખત ટક્કરનું અનુમાન કરતા ઓપિનિયન પોલ્સ

જેરુસલેમ, તા. 27(PTI): મંગળવારે યોજાયેલી મહત્ત્વપૂર્ણ ચૂંટણીમાં સાંજે 6 વાગ્યા સુધીમાં લગભગ 67 ટકા પાત્ર મતદારોએ પોતાના મત આપ્યા હતા, જે ઇઝરાયેલના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ મતદાન છે. આ ચૂંટણીમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને તેમના મુખ્ય હરીફ, ભૂતપૂર્વ લશ્કરી વડા ગાદી આઈઝેનકોટ વચ્ચે કાંટાની ટક્કર રહેવાનું સર્વેક્ષણોમાં અનુમાન લગાવવામાં આવ્યું હતું.

દેશભરમાં મતદાન મથકો સવારે 7 વાગ્યે સ્થાનિક સમયે ખુલ્યા હતા અને રાત્રે 10 વાગ્યે બંધ થવાના છે, જેની મદદથી 73,31,981 પાત્ર મતદારો દેશભરના 12,018 મતદાન મથકો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે. સેન્ટ્રલ ઇલેક્શન્સ કમિટીના જણાવ્યા અનુસાર, 2022ની ચૂંટણીમાં આ જ સમયે 57.7 ટકા મતદાન થયું હતું, જે વધીને સાંજે 6 વાગ્યા સુધીમાં 66.7 ટકા થઈ ગયું છે. આ સમયે નોંધાયેલું આ સૌથી વધુ મતદાન છે. 1973થી

...અનુસંધાન પાના 11 પર ➲

ઊંચા સ્ટોક વેલ્યુએશન, અમેરિકા સહિત અન્ય દેશોના ડેટા સેન્ટર્સમાં ચાઇનીઝ સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના ડરથી આઇટી શેરો ગગડી ગયા

આઇટી અને ડેટા કંપનીઓનો STAR 50 ઇન્ડેક્સ જૂનથી અત્યાર સુધીમાં 40% ગગડી ગયો

નવી દિલ્હી, તા. 27: ચીનના શેરબજારોમાંથી કૃત્રિમ બુદ્ધિમત્તા(AI)ના ભવિષ્ય વિશે વધતી ચિંતા વચ્ચે તાજેતરના મહિનાઓમાં ટ્રિલિયન ડૉલર્સ ધોવાઈ ગયા છે, જ્યારે કે બેઈજિંગ આ ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવવા માટે અમેરિકા સામે સ્પર્ધા કરી રહ્યું છે.

STAR 50 ઈન્ડેક્સ જૂનથી 40% ગગડી ગયો છે. મુખ્ય કંપનીઓના અન્ય ઈન્ડેક્સમાં પણ તે જ સમયગાળા દરમિયાન લગભગ 20% નો ઘટાડો થયો છે. બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર, આ તીવ્ર ઘટાડાને કારણે મે મહિનાથી અત્યાર સુધીમાં ચીની શેરબજારમાંથી 2.4 ટ્રિલિયન ડોલર સાફ થઈ ગયા છે. ગોલ્ડમેન સાક્સના જણાવ્યા અનુસાર, ચીન અને હોંગકોંગના શેરબજારના મૂલ્યમાં AI સ્ટોક્સનો હિસ્સો 40% કરતા વધુ છે, એટલે કે તેના મૂલ્યમાં કોઈપણ પ્રકારનો ઘટાડો આખા ઘરેલુ બજારમાં હલચલ મચાવી દેશે. આ ઘટાડો સૂચવે છે કે ચીનની ટેકનોલોજી ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવાના સરકારના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, ખાસ કરીને જે AIની શક્તિનો ઉપયોગ કરે છે, તેમ છતાં ઘરેલુ અર્થવ્યવસ્થામાં તેજીવાળા બજારને ટકાવી રાખવાની ક્ષમતા નથી.

બજાર વિશ્લેષકોના જણાવ્યા અનુસાર બજારમાં અનિયંત્રિત સટ્ટાખોરી વધવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઇ છે. અમેરિકી બજારમાં નાસ્ડેકમાં માત્ર 6 ટકાનો ઘટાડો થયો છે, જેની સરખામણીએ ચીનમાં આ તબાહી ખૂબ મોટી છે. ચીનના સ્થાનિક એ-શેર્સ અને હોંગકોંગના એચ-શેર્સમાં એઆઇ કંપનીઓનો હિસ્સો 42 ટકા અને ટર્નઓવરમાં 57 ટકા હિસ્સો હોવાથી નાના રોકાણકારોને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

ચીની સરકારે AIમાં ભારે રોકાણ કર્યું છે, જેમાં 60 અબજ યુઆનનું સરકાર-સમર્થિત AI રોકાણ ભંડોળ સામેલ છે જેણે આ મહિને ઘરેલુ ડેવલપર્સમાં નાણાં ઠાલવવાનું શરૂ કર્યું છે. પરંતુ ચીની ગ્રાહકો અર્થવ્યવસ્થાના ઘણા ભાગોમાં – ટેક્નોલોજી સહિત – તેમના પૈસા ખર્ચવા માટે જક્કી રીતે અનિચ્છુક

...અનુસંધાન પાના 11 પર ➲

રોકાણકારો હવે સુરક્ષિત વિકલ્પો તરફ વળ્યા

ચીન સરકારના સમર્થનવાળી રોકાણ યોજનામાં ભારે નુકસાન થતાં નિરાશ થયેલા રોકાણકારો હવે સુરક્ષિત અસ્કયામતો (ડિફેન્સિવ એસેટ્સ) તરફ વળી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે ટેકનોલોજી કંપનીઓ માટે ઇક્વિટી દ્વારા ભંડોળ એકત્ર કરવાનું મુશ્કેલ બનશે. ઓપ્ટિકલ પાર્ટ્સ બનાવતી કંપનીઓ જોંગજી ઇનોલાઇટ અને ઇઓપ્ટોલિંક ટેકનોલોજીના શેરમાં જૂન અને જુલાઇના ઉચ્ચ સ્તરથી આશરે 60 ટકાનો ઘટાડો નોંધાયો છે. અમેરિકી ડેટા સેન્ટરોમાં પુરવઠો પૂરો પાડવા પર વોશિંગ્ટન દ્વારા પ્રતિબંધ લાદવાની શક્યતાને કારણે આ મંદી આવી છે. એસટીઆરએઆર50 ઇન્ડેક્સનો પ્રાઇસ-ટુ-અર્નિંગ (પીઇ) રેશિયો અગાઉના 250થી ઘટીને 100 પર આવ્યો હોવા છતાં, નાસ્ડેક 100ના 30ના પીઇ રેશિયોની સરખામણીએ ખૂબ ઊંચો છે. આથી મંદીનો આ તબક્કો હજુ વધુ વકરે તેવી ચિંતા રોકાણકારો વ્યક્ત કરી રહ્યા છે. લોટસ એસેટ મેનેજમેન્ટના ચીફ ઇન્વેસ્ટમેન્ટ ઓફિસર હોંગ હાઓના જણાવ્યા મુજબ, વર્તમાન પરિસ્થિતિ શેરબજારમાં લિસ્ટ થવા ઇચ્છતી નવી કંપનીઓની યોજનાઓ પર પાણી ફેરવી દેશે. બીજી તરફ, બેઇજિંગસ્થિત કિયાનછુઆંગ કેપિટલના ભાગીદાર લિઓ વાંગે જણાવ્યું હતું કે ઇન્ડેક્સમાં ટેકનોલોજી કંપનીઓના મૂલ્યને અતિશય મહત્વ આપવાના કારણે મૂડી રોકાણની વર્તણૂકમાં વિકૃતિ આવી હતી, જેણે ચોક્કસ ક્ષેત્રોમાં મોટો બબલ ઊભો કર્યો હતો.

» દક્ષિણ પૂર્વ એશિયાના દેશ લાઓસમાં, બૌદ્ધ ઉપવાસ પર્વનો અંત આવ્યા બાદ એક ખાસ ઉજવણી કરવામાં આવે છે ત્યારે નદી કિનારાઓ ઝગમગતી લાઇટો, ભીડભાડ અને ઉન્માદી અવાજોથી જીવંત બની જાય છે. લોકો બૌદ્ધ ઉપવાસના અંત અને નૌકા રેસિંગ ઉત્સવની ઉજવણી કરવા માટે એકત્રિત થાય છે, જે એક એવો પ્રસંગ છે જે ધાર્મિક પરંપરાઓ, સામૂહિક ભાવના અને જીવંત ઉત્સવોને એકસાથે લાવે છે. બૌદ્ધ ઉપવાસનો અંત, જે આ વર્ષે ૨૬ ઓક્ટોબરે આવે છે, તેની શરૂઆત ધાર્મિક વિધિઓ સાથે થાય છે જ્યારે લોકો વહેલી સવારે જાગીને મંદિરોની મુલાકાત લે છે, દાન આપે છે અને પુણ્ય કમાવવાની રીત તરીકે ભિક્ષુકોને ભોજન અર્પણ કરે છે. સાંજે, ભીડ નદીના કાંઠે ફૂલો, મીણબત્તીઓ અને અગરબત્તીઓથી સજ્જ કેળાના પાનમાંથી બનાવેલી સુશોભિત હોડીઓ તરતી મૂકવા માટે એકત્રિત થાય છે. આ ચડાવાઓ નદી પ્રત્યેના આદરના પ્રતીક તરીકે અને કેટલાક લોકો માટે નસીબ ચમકાવવાની પ્રતીકાત્મક રીત તરીકે પાણી પર છોડવામાં આવે છે.

દિલ્હી ડાયરી

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશના સંસ્મરણોમાં સનસનાટીભર્યા ખુલાસા

સુપ્રીમ કોર્ટના એક ભૂતપૂર્વ ન્યાયાધીશે કહ્યું હતું કે, ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચૂડ નરેન્દ્ર મોદી સરકાર પ્રત્યે 'જરૂર કરતાં વધુ નરમ' હતા અને 2022ના પીએમએલએ ચુકાદાને પડકારતી અરજીઓ પર સુનાવણી દરમિયાન તેમણે 'મધ્યમ માર્ગ' અપનાવવાની ભલામણ કરી હતી.

સીજેઆઇ ચંદ્રચૂડ પછી સિનિયોરિટીમાં બીજા ક્રમે રહેલા ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલે 'વિદાઉટ ફીઅર ઓર ફેવર' (કોઈપણ ડર કે પક્ષપાત વગર) શીર્ષક ધરાવતા તેમના આગામી પુસ્તકના સંસ્મરણો સંબંધિત એક ઇન્ટરવ્યુમાં આ ખુલાસા કર્યા છે. આ પુસ્તક ટૂંક સમયમાં જુગરનોટ દ્વારા પ્રકાશિત થવા જઈ રહ્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે, 'વિજય મદનલાલ ચૌધરી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા' કેસમાં 2022ના પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ના ચુકાદાના કેટલાક પાસાઓ પર પુનર્વિચાર કરવા સંબંધિત બાબતને ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની બેંચમાંથી બીજી બેંચમાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ કૌલે વધુમાં જણાવ્યું હતું કે, ''મારા એક સાથી ન્યાયાધીશે કહ્યું કે, આ ખાસ

...અનુસંધાન પાના 11 પર ➲

તા. 00-00-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૭.૫° સે.	૨૩.૨° સે.	૭૦%

સાઉદી સંરક્ષણ મંત્રાલય પર સચોટ મિસાઈલ હુમલો કર્યો હોવાનો હૂતીઓનો દાવો

આ હુમલામાં કોઇ જાનહાનિ, ઇજા કે નુકસાનના અહેવાલ નહીં, એક ઓઇલ રિફાઇનરી પર હુમલાનો પણ દાવો

આ પહેલા સાઉદી અરેબિયાએ બે મિસાઇલો તોડી પાડી હોવાનો દાવો કર્યો હતો

સના, તા. ૨૭: મંગળવારે યમનના હૂતિઓએ દાવો કર્યો હતો કે તેમણે રિયાધમાં સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયને બેલેસ્ટિક મિસાઈલથી નિશાન બનાવ્યું છે અને તે નિશાન સચોટ રહ્યું હતું. હૂતિઓના લશ્કરી પ્રવક્તા યહ્યા સારીએ જણાવ્યું હતું કે, "અમારા સશસ્ત્ર દળોએ દુશ્મન સાઉદીની રાજધાની રિયાધમાં આવેલા રક્ષા મંત્રાલયને બેલેસ્ટિક મિસાઈલથી નિશાન બનાવ્યું છે અને હુમલો બિલકુલ સચોટ હતો." આ ઘટના એવા સમયે બની છે જ્યારે સાઉદીએ અગાઉ જણાવ્યું હતું કે તેણે દિવસ દરમિયાન હૂતિઓ દ્વારા છોડવામાં આવેલી બે મિસાઈલોને તોડી પાડી હતી. ન્યૂઝ એજન્સી એએફપીના અહેવાલ મુજબ, મંગળવારે સાઉદીની રાજધાનીમાં વિસ્ફોટોના અવાજ સાંભળવા મળ્યા હતા. હૂતિઓએ હોર્મુઝ સ્ટ્રેટની પશ્ચિમે અખાત પર આવેલા સાઉદીના સૌથી મોટા ઓઈલ રિફાઈનરી, 'રાસ તનુરા' પર પણ હુમલો કરવાનો દાવો કર્યો હતો. સારીએ જણાવ્યું કે તેમણે આ રિફાઈનરી પર બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી, જેના કારણે આગ લાગી હતી. જો કે, સાઉદી સત્તાવાળાઓએ આ હુમલાની પુષ્ટિ કરી નથી.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના મહિનાઓ બાદ,સપ્ટેમ્બરથી સાઉદી અરેબિયા અને યમનના ઈરાન-સમર્થિત હૂતિઓ વચ્ચે લડાઈ શરૂ થઈ છે. હુથીઓએ આ પહેલા સાઉદી અરેબિયાના રિયાધ અને દમ્મામ એરપોર્ટો તથા કેટલીક ઓઈલ સવલતો પર હુમલા કર્યા છે જેમાં વિદેશી નાગરિકો સહિતના અનેક લોકો માર્યા ગયા હતા તથા અનેક ફ્લાઈટો રદ કરવી પડી હતી. સાઉદી સમર્થિત યમનની સરકાર સામે લડી રહેલા હૂતીઓએ હવે સાઉદી અરેબિયા સામે મોરચો માંડ્યો છે.

સાઉદી અરેબિયાએ હૂતીઓને એક અબજ ડોલર આપવાની દરખાસ્ત કરી

તુર્કી અને પાકિસ્તાનના લશ્કરી વડાઓની હાજરીમાં યોજાઈ બેઠક

ઇરાનમાં યોજાયેલ સમાધાન બેઠકમાં સાઉદી સંરક્ષણ મંત્રી આ નાણા લઇને પણ ગયા હતા એવો ઇઝરાયેલી અખબારનો દાવો

જો કે ખરેખર નાણા ચુકવાયા કે નહીં? તેની કોઇ સ્પષ્ટતા નહીં

તેલ અવીવ, તા. ૨૭: પોતાના એરપોર્ટો અને ઓઈલ સવલતો સહિતના ઠેકાણાઓ પર હુમલાઓ અટકાવવા માટે સાઉદી અરેબિયાએ હૂતી બળવાખોરોને એક અબજ ડોલરની રકમ આપવાની દરખાસ્ત કરી હતી એવો દાવો ઈઝરાયેલી મીડિયાએ કર્યો છે.

ઈઝરાયેલ હાયોમ નામના હિબ્રુભાષી અખબારના જણાવ્યા અનુસાર, સાઉદીના રક્ષા મંત્રી પ્રિન્સ ખાલીદ બિન સલમાનની ઈરાનની સરપ્રાઈઝ મુલાકાતનો હેતુ તેહરાન દ્વારા મોકલવામાં આવનાર ૧ અબજ ડોલરના બદલામાં યેમેનના હૂતી વિદ્રોહીઓ સાથે યુદ્ધવિરામ કરાર કરવાનો હતો, જેથી સાઉદી અરેબિયાન તેના ઓઈલની નિકાસ કરી શકે. રાજદ્વારી સૂત્રોએ ઈઝરાયેલ હાયોમને જણાવ્યું કે સાઉદી મંત્રી જે હર્ક્યુલસ લશ્કરી પરિવહન વિમાનમાં આવ્યા હતા, તેમાં તે નાણાં સાથે પણ લાવ્યા હતા. જો કે, કોઈ સાઉદી અધિકારીએ પુષ્ટિ કરી નથી કે કોઈ ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. આ મુલાકાત મક્કા જોઈન્ટ ડિફેન્સ એલાયન્સમાં સાઉદી અરેબિયાના ભાગીદારો દ્વારા આયોજિત કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, આ વાતચીતમાં તુર્કીના ગુપ્તચર વડા ઈબ્રાહિમ કાલિન અને પાકિસ્તાનના લશ્કર વડા ફિલ્ડ માર્શલ અસિમ મુનીરે પણ ભાગ લીધો હતો. ઈઝરાયેલી અખબારના જણાવ્યા પ્રમાણે ત્રણ વર્ષ

...અનુસંધાન પાના 11 પર ➲

આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ભારે વરસાદ શરૂ, હજારોનું સ્થળાંતર

વાવાઝોડું 'અર્નબ' દરિયાકાંઠે ત્રાટકવાની અણી પર

બુધવારે વહેલી સવારે આંધ્રપ્રદેશમાં વિશાખાપટનમ નજીક ત્રાટકવાની વકી

વિશાખાપટ્ટનમ નજીક 150 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા; 50 ટ્રેનો અને 21 ફ્લાઇટો રદ, આંધ્ર અને ઓડિશામાં હાઈ એલર્ટ

ભુવનેશ્વર/અમરાવતી, તા. 27(PTI): આંધ્રપ્રદેશ અને ઓડિશાએ અતિ તીવ્ર ચક્રવાતી વાવાઝોડા 'અર્નબ' સામે તૈયારીના ભાગરૂપે લગભગ 4,000 વાવાઝોડા આશ્રયસ્થાનો તૈયાર કર્યા છે, હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે અને આપત્તિ વ્યવસ્થાપન જવાનોને સ્ટેન્ડબાય રાખ્યા છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. આ વાવાઝોડું આગામી 24 કલાકમાં વિશાખાપટ્ટનમ નજીક ત્રાટકે તેવી સંભાવના છે.

સાવચેતીના પગલે ભારતીય રેલવેએ આ ક્ષેત્રમાં ઓછામાં ઓછી 50 ટ્રેનો રદ્દ કરી છે, જ્યારે પ્રદેશના ઘણા દરિયાકાંઠાના રસ્તાઓ પર વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વિશાખાપટનમ અને વિજયવાડા એરપોર્ટ મળીને કુલ ૨૧ ફ્લાઈટો આજે મંગળવારે રદ કરવામાં આવી હતી જેનાથી બેંગલુરુ, ચેન્નાઈ વગેરે જનાર મુસાફરોને અસર થઈ હતી. ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજેતરના બુલેટિન મુજબ, બપોરે 2:30 વાગ્યે આ વાવાઝોડું આંધ્રપ્રદેશના કાકીડાડાથી લગભગ 140 કિમી અગ્નિ દિશામાં અને વિશાખાપટ્ટનમથી 170 કિમી દક્ષિણમાં હતું. તે 18 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે અને બુધવારની વહેલી સવારે રથી ૪ વાગ્યાની વચ્ચે આંધ્રના કાંઠે વિશાખાપટનમ નજીક ત્રાટકી શકે છે. લેન્ડફોલના સમયે પવનની ઝડપ ૧૨૫થી ૧૩૫ કિમી પ્રતિકલાકની રહેવાની શક્યતા છે જે ૧૫૦ કિમી સુધી પણ જઈ શકે છે.

અધિકારીઓએ જણાવ્યું કે આંધ્રપ્રદેશ સરકારે રાજ્યના 20 જિલ્લાઓમાં 2,131 સાયક્લોન શેલ્ટર બનાવ્યા છે, વાવાઝોડાથી પ્રભાવિત થવાની સંભાવનાવાળા વિસ્તારોમાં 1,087 તબીબી ટીમોને સ્ટેન્ડબાય રાખી છે અને 8,281 ઈમરજન્સી બેડ તથા 1,274 એમ્બ્યુલન્સ તૈયાર રાખ્યા છે. જોખમ ધરાવતા વિસ્તારોમાંથી લોકોને બહાર ખસેડવા ઉપરાંત, સરકારે 1,351 સગર્ભા સ્ત્રીઓને પણ હોસ્પિટલોમાં ખસેડી છે, એમ તેમણે જણાવ્યું હતું. 14,686 રાશનની દુકાનો પર અગાઉથી જ બે મહિનાનો આવશ્યક સામાનનો જથ્થો ભરી દેવામાં આવ્યો છે અને 2.70 કરોડ લોકોના મોબાઈલ ફોન પર સતત સાયક્લોન એલર્ટ મોકલવામાં આવી રહ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આંધ્રપ્રદેશ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (APSDMA) અનુસાર, વાવાઝોડાની અસર વર્તાવા લાગી છે અને ટૂંક સમયમાં જ ઉત્તર તટીય જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. ઓડિશા, જ્યાં ભારે વરસાદ પહેલેથી જ શરૂ થઈ ગયો છે, તે 48,000 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડી રહ્યું છે. આઠ જિલ્લાઓમાં મંગળવાર અને બુધવારે શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

દવાઓની કિંમતમાં અધધ લૂંટ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ

શું આ લૂંટને વાજબી ઠરાવી શકાય?

આખી સિસ્ટમ દવા ઉત્પાદકો માટે કામ કરી રહી હોય તેવું જણાય છે

તમામ દવાઓ પર એકસમાન 16% માર્જિન કેમ ન હોઈ શકે? કેન્સર વિરોધી દવાઓ પર 30% મર્યાદા વચ્ચે કોર્ટના તીખા સવાલો; ચુકાદો અનામત

નવી દિલ્હી, તા. ૨૭(પીટીઆઈ): દવાઓની મહત્તમ રિટેલ કિંમત(MRP) અને રિટેલર્સ માટેની કિંમત વચ્ચેના "વિશાળ તફાવત" પર પ્રહાર કરતા, સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને તીખી ભાષામાં પૂછ્યું કે શું તે "આ લૂંટને વાજબી ઠરાવી શકે છે અને શું ઉત્પાદકોને "છૂટો દોર" આપવો જોઈએ?

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે અવલોકન કર્યું કે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) એક "સંપૂર્ણપણે નિષ્ક્રિય" સંસ્થા જણાય છે અને સરકારને એવો સવાલ કર્યો કે શા માટે આખી સિસ્ટમ ફાર્માસ્યુટિકલ ઉત્પાદકોને મદદ કરવા માટે કામ કરી રહી છે.

ટોચની કોર્ટે બે અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જેમાં દવાઓ પર કડક ભાવ નિયંત્રણ સુનિશ્ચિત કરવા સહિતની દવા-સંબંધિત બાબતો ઉઠાવવામાં આવી હતી. કેન્દ્ર દ્વારા બેન્કને એ માહિતી આપવામાં આવ્યા બાદ કે કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન મહત્તમ રિટેલ કિંમતના(MRP) ૩૦ ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યારે બેન્ચે પૂછ્યું કે શા માટે તમામ દવાઓ પર એકસમાન ૧૬ ટકા માર્જિન હોઈ શકે નહીં.

બેન્ક સમક્ષ કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ(ASG) એશ્વર્યા ભાટીએ જણાવ્યું, "સરકારની નીતિ એ છે કે સમગ્ર ઈકોસિસ્ટમને નિયંત્રિત ન કરવી. બેન્ચે નોંધ્યું કે જે દવાના રિટેલર માટેના ભાવ ૧૫ રૂપિયા છે, તેની MRP ૨૫૦ રૂપિયા છે. બેન્ચે સવાલ કર્યો, "શું તમે આ લૂંટ માટે કોઈ વાજબીકરણ બતાવી શકો છો?", અને ઉમેર્યું, "સરકાર આ થવા દઈ રહી છે. સરકારની પોતાની નજર સમક્ષ આ બધું થઈ રહ્યું છે."